T(ч)



## સુરત મહાનગરપાલિકા

### નગર રચના યોજના, સુરત નં. ૬૩ (વડોદ)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત

## અધિસુચન

નં. ટીપીડી/આ/૪૬૧૯/૨૦૦૮.-આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોકત (મુસદ્દારૂપ યોજના) **યોજનાનો મુસદ્દો** ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ-૧૯૭૬ની કલમ-૪૨(૧) અને અધિનિયમનાં **નિયમો-૧૯૭૯નાં નિયમ-૧૮** અન્વયે તૈયાર કરી પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે મુજબ છે.

ઉત્તરે : નગર રચના યોજના, નં. ૫૮ (બમરોલી) તથા જી. આઈ. ડી. સી. વિસ્તાર

દક્ષિણે : મોજે : જીઆવનો સીમાડો

પૂર્વે : પ્રારંભિક નગર રચના યોજના નં. ૨૧ (ભેસ્તાન) તથા ૨૨ (ભેસ્તાન)ની હદ

પશ્ચિમે : નગર રચના યોજના નં. ૭૧ (વડોદ)

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજયપત્રમાં ઉપરોકત અધિસુચન પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યકિત આ યોજનાના સંબંધેના વાંધા/સુચનો બે નકલમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાને લેશે.

સુરત, ૩ માહે ઓકટોબર સને ૨૦૦૮

અપર્ણા,
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

---

## સુરત મહાનગરપાલિકા

### નગર રચના યોજના, સુરત નં. ૭૦ (છાપરાભાઠા-અમરોલી-કોસાડ-ઉત્રાણ)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત

## અધિસુચન

નં. ટીપીડી/આ/૪૬૧૭/૨૦૦૮.-આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોકત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ-૧૯૭૬ની કલમ-૪૨(૧) અને અધિનિયમનાં નિયમો-૧૯૭૯નાં નિયમ-૧૮ અન્વયે તૈયાર કરી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ યોજનાની મુખ્ય હદો નીચે મુજબ છે.

ઉત્તરે : ગુજરાત હાઉસીંગ બોર્ડની હદ તથા મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૨૩ (કોસાડ).

દક્ષિણે : તાપી નદી.

પશ્ચિમે : મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૬૬ (વરીયાવ).

પૂર્વે : રેલ્વેની હદ તથા મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૨૭ (ઉત્રાણ-કોસાડ).

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યકિતઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટીસ બોર્ડ પર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.